# શહેર-જિલ્લા સતત બીજા દિવસે ૫૦ કેસ

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩૬ કેસ

**સારવાર દરમ્યાન વધુ ૩ દર્દીના મોત : ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૧૬, દહેગામમાં ૨ અને માણસામાં ૧૦ કેસ : માણસાના વિહારમાં એક જ દિવસમાં પાંચ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે પણ ૩૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. આજે સારવાર દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૩ દર્દીઓના મોત નીપજ્યા છે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ દર્દીઓના મોતમાં એક વાવોલ, એક દહેગામ અને એક બાલવાના દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લામાં આ દર્દીના મોત સાથે સારવાર દરમ્યાન મોત પામનાર દર્દીઓની સંખ્યા ૭૧ પર પહોંચી છે.

જિલ્લામાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે સતત વધુ ૩ દર્દીના મોતના સમાચારથી જિલ્લામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૬ કેસ નોંધાયા છે. સૌથી વધુ કેસ કલોલમાં ૧૬, માણસામાં ૧૦, ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨ કેસનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા ટેસ્ટીંગની સંખ્યા વધારવામાં આવી છે. સાથે સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં આજે ૮ કેસ નોંધાયા છે. તેમાં નાના-ચિલોડામાંથી વધુ ૨ કેસ મળ્યા છે. આ ઉપરાંત ડભોડામાંથી ૩૩ વર્ષીય પુરૂષ, મગોડીમાંથી ૮૩ વર્ષીય પુરૂષ તેમજ નાના-ચિલોડામાંથી ૪૮ વર્ષીય સ્ત્રી અને ૨૧ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

પેથાપુરમાંથી એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી એક ૭૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જ્યારે લીમ્બડીયામાંથી વધુ એક કેસ મળ્યો છે. લીમ્બડીયામાંથી આજે એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક અર્બન વિસ્તારમાંથી અને બીજો કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળેલ છે.

દહેગામ અર્બનમાંથી એક ૬૦ વર્ષીય પુરૂષનો તેમજ ઝીંડવા ગામનો એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકો તંત્ર માટે ચિંતાનો વિષય બની ઉભર્યો છે. માણસામાં રોજ નવા વિસ્તારોમાંથી કેસો સામે આવી રહ્યા છે. માણસા અર્બનમાંથી આજે એક કેસ મળ્યો છે. ૬૮ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સમૌ ગામેથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના વિહાર ગામેથી એક સાથે પાંચ કેસ મળ્યા છે. જેમાં એક દસ વર્ષના બાળક અને ૪ મહિલાઓનો સમાવેશ થાય છે.

તાલુકાના આનંદપુરાવેડા ગામેથી પણ આજે ૩ કેસ મળ્યા છે અને ૩ મહિલા દર્દીઓ છે. આમ તાલુકામાંથી આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી ૭ કેસ મહિલા દર્દીના છે. જિલ્લામાં મહિલા દર્દીઓની વધતી સંખ્યા તંત્ર માટે ચિંતાનો વિષય બની છે.

કલોલમાં આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. જેમાં સાંતેજમાંથી ૩ કેસ મળ્યા છે. જેમાં બે મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સઈજ ગામેથી એક ૨૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

છત્રાલમાંથી પણ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બોરીસણા મોટી ભોયણમાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે. આ ઉપરાંત સોજા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ અર્બનમાં ૨ કેસ તેમજ અર્બન-૨ માંથી ૪ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં કેસોની સંખ્યા ૧ હજારને આંબી જશે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૨૨૫ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં હાલ ૨૦,૭૨૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### ગ્રામ્ય વિસ્તારમાં આજે મળેલા કેસો કરતાં વધુ દર્દીઓને રજા અપાઈ

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓની સંખ્યા વધુ છે. જે જિલ્લાના ગ્રામ્યવિસ્તાર માટે સારા સમાચાર છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે ૩૭ દર્દીઓને આજે રજા આપવામાં આવી છે. જે અત્યાર સુધીમાં સૌથી વધુ સંખ્યા છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૯૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## સહકાર વિભાગના ડેપ્યુટી રજીસ્ટ્રાર કોરોનાની ઝપટમાં

**શહેરમાં આજે ત્રણ ખાનગી વેપારીઓ, ત્રણ વિદ્યાર્થીઓ, કોન્સ્ટેબલ, કોમ્પ્યુટર ઓપરેટર પણ કોરોનાની ઝપટમાં : સે. ૮ માં ૧, સે. ૧૯ માં ૨, સે. ૨૫ માં ૧, સે. ૨૬ માં ૨, સે. ૫-સી, સે. ૨૪ માં ૩, સે. ૨૧, ૧૩-એ, ૩-ડી અને સે. ૩૦ માં ૧-૧ કેસ નોંધાયો**

### શહેરમાં વધુ ૧૪ કેસ : એકનું મોત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૪૬૦ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે. આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૪ માં ૩, સે. ૧૯ માં ૨, સે. ૨૬ માં બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૮, સે. ૨૫, સે. ૫-સી, સે. ૨૧, સે. ૧૩-એ, સે. ૩-ડી અને સે. ૩૦ માંથી પણ એક એક કેસ મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ડેપ્યુટી રજીસ્ટ્રાર સહકાર વિભાગ, ફિઝીયોથેરોપીનો અભ્યાસ કરતો વિદ્યાર્થી, અમદાવાદ શહેરમાં કોન્સ્ટેબલ તરીકેની ફરજ બજાવતો જવાન તેમજ ત્રણ ખાનગી વેપારી અને ખાનગી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા યુવાનનો પણ સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે પણ વધુ ૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં કેસોની સંખ્યા વધવાની સાથે આજે વધુ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. સે. ૨૪ ની એક મહિલાનું ગઈકાલે મોડી રાત્રે સારવાર દરમ્યાન અવસાન થયું છે. આ સાથે શહેરમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૫ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો જરૂર થયો છે પરંતુ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. તંત્ર દ્વારા શહેરમાં અત્યાર સુધીમાં ૪૮૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. શહેરમાં ૧૬૫ થી વધુ વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન હેઠળ પણ આવરી લીધા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૮ માં રહેતો અને રિક્ષા ચલાવી રોજગાર મેળવતો એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

રાજ્ય સરકારના સહકાર વિભાગમાં ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે સેવાઓ આપતા એક ઉચ્ચ અધિકારી અને તેમના પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિ સે. ૧૯ માં રહે છે. સે. ૧૯ ના કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. વી.આઈ.પી. ગણાતા આ સેક્ટરોમાં કેસો વધવા સાથે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ વધી રહ્યા છે.

આ રજીસ્ટ્રાર પરિવારે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેમના પરિવારના એક સભ્યને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માં એક ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે.

સે. ૫-સી માંથી ફિઝીયો થેરોપીની એક વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીનીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૧ માંથી એક ૪૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૩-એ માંથી એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમજ તેણીનીના પરિવારના એક સભ્યને હોમ ક્વોરોન્ટાઈન તંત્રએ કર્યા છે.

અમદાવાદ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને

● અનુસંધાન પાન-૭ પર

## વાત ગાંધીનગરની

રાફેલથી કોરોનાના કહેર સુધીની વાતોથી સચિવાલય સંકુલ તરબતર રહ્યું. આજે સરકાર તો રાજકોટ અને વડોદરામાં હતી એટલે સચિવાલયમાં તેની અસર દેખાતી હતી. કેબીનેટ નહી હોવાના કારણે મંત્રીઓ અને અધિકારીઓ થોડાક હળવાશમાં હતા.

**....એ મંત્રીની વિદાય નિશ્ચિત બની રહી છે**

સ્વર્ણિમ સંકુલમાં બેસતા રાજ્ય મંત્રીમંડળના રાજ્યકક્ષાના સૌરાષ્ટ્ર પંથકના એક મંત્રી આજકાલ ખૂબ ચર્ચામાં છે. એમના 'વહીવટ'ની વાતો છેક દિલ્હી દરબાર સુધી પહોંચી છે. અને દિલ્હીથી આદેશો છૂટ્યા છે કે ખુલાસા માંગો અને તેમાં સંતોષ ન થાય તો તેમને વિદાય કરવામાં પણ હિચકિચાટ ના અનુભવશો એવો છુટો દોર અપાયો છે. આમ તો છેલ્લા કેટલાક વખતથી જમીનની પરમીશનથી લઈ મની લોન્ડરીંગની વાતોમાં એમનુ નામ છૂટથી લેવાય છે.

**કોરોના...કોરોના...કોરોના...**

સંક્રમણ વધતુ જાય છે. રોજેરોજ કેસના આંકડા આંખ ખોલનારા બની ગયા છે. સમાજમાં પણ સન્નાટો છવાયેલો હોય એવું દેખાય છે. સ્વર્ણિમ સંકુલથી લઈ તાલુકાકક્ષાની કચેરીઓમાં પણ કોરોના બે રોકટોક પહોંચી રહ્યો છે અને એનો ભય આંખે ઉડીને વળગે છે. કેસ વધવાની સાથે અનલોક-૨ ના અંતિમ ચરણમાં પણ હોટલો, મંદિર અને દુકાનો પર ૧૫ થી ૧૮ ટકા રોજીંદી અવરજવર છે. શહેરી બસ સેવાની બસો ખાલી જાય છે અને માર્ગો પર પણ વાહનોની અવરજવર નહિવત હોવાથી કોરોના સમાજ જીવન ઉપર વિકરાળ સ્વરૂપે ભય પ્રસરાવી રહ્યો છે.

**જીવરાજ મહેતા ભવનમાં સતર્કતા...**

જુના સચિવાલય તરીકે ઓળખાતા જીવરાજ મહેતા ભવનમાં કોરોના પોઝીટીવના કેસ વધવાના પગલે સાવધાનીના પગલાં યુદ્ધના ધોરણે લેવાઈ રહ્યાં છે. આ સંકુલમાં ખાતાના વડાઓની અનેક કચેરીઓ કાર્યરત છે. અલગ અલગ કચેરીઓમાં છેલ્લા ચાર દિવસમાં સંખ્યાબંધ કર્મચારીઓ અને અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. જેના પગલે વ્યવસ્થાપકોએ તકેદારીના પગલાં લીધા છે અને કર્મયોગીઓમાં પણ ફફડાટ વ્યાપ્યો છે.

**શ્રાવણમાં ફળ-ફળાદી મોંઘા...**

એક તરફ કોરોના સંક્રમણ અને એક તરફ મોંઘવારીના માર વચ્ચે મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે. શ્રાવણ માસમાં ઉપવાસનુ મહત્વ હોય છે એટલે ફળ ફળાદીનો ઉપયોગ વધુ હોય છે. આ સમયનો લાભ લઈ ફળ ફળાદીના ભાવ આસમાને પહોંચ્યા છે. હવે તો ભક્તિ પણ મોંઘી પડી રહી છે. સારો એવો વરસાદ હોવા છતાં ફળ ફળાદીની સાથે જ શાકભાજીના ભાવો ઉંચકાયા છે. આમ ઉપવાસ કરીએ તો ફળ અને ન કરીએ તો શાકભાજી... મોંઘા એ... મોંઘા...

**માધવસિંહે શુભેચ્છકોને 'ના' કહેવડાવી...**

આજે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો ૯૪મો જન્મદિવસ છે. માધવસિંહે તેમના શુભેચ્છકોને કોરોનાના કપરા કાળમાં રૂબરૂ આવવા માટે 'ના' કહી છે... ટેલીફોન કે વૉટ્સએપના માધ્યમથી શુભેચ્છા પાઠવવી અનુરોધ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક જ પખવાડિયામાં એટલે કે ૨૦મીથી ૩૧મી દરમિયાન ત્રણેય મુખ્યમંત્રીના જન્મદિવસ સાદગીથી ઉજવાયા.

**'અર્ક' આજનો...**

''સફળ થવાના બે ઉપાય છે. ઉતાવળ ધીરજથી કરવી અને ક્રોધ શાંતિથી કરવો...''

## માર્ગ મકાન વિભાગમાં પણ કોરોનાનો પગપેસારો કર્મચારીઓમાં ફફડાટ

**કોરોનાના કહેરથી બચવા માટે કર્મચારીઓએ સોશિયલ ડીસ્ટન્સીંગના કડક અમલ સાથે માસ્ક પહેરવાની બાબતે વધુ સજાગ રહેવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. ગઈકાલે પણ શહેર જિલ્લામાં કોરોનાના ૫૦ જેટલા કેસ નોંધાયા હતા. જયારે હવે કોરોનાના વધતા કહેર વચ્ચે નગરની સરકારી કચેરીઓમાં પણ કોરાનાના નવા કેસ આવી રહ્યા છે. માર્ગ મકાન વિભાગની સર્કલ કચેરીમાં પણ એક મહીલા કોરાનામાં સપડાતા એક બ્રાન્ચના અન્ય કર્મચારીઓ માટે પણ હાલ બ્રાન્ચમાં નો એન્ટ્રી કરી દેવામાં આવી છે. માર્ગ મકાન વિભાગમાં પણ કોરોનાએ એન્ટ્રી લેતા કર્મચારીઓમાં ફફડાટ પ્રવર્તયો છે.

શહેરમાં કોરોનાનો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે. શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરાનાના કેસ વધતા ભયની લાગણી વ્યાપી છે. આરોગ્ય તંત્રમાં પણ ઘેરી ચિંતા પ્રવર્તી છે. શહેરમાં ગઈકાલે પણ કોરોનાના ૫૦ કેસ નવા ધ્યાને આવ્યા હતા જયારે રોજબરોજ કેસની સંખ્યા વધતી જાય છે. ત્યારે શહેરમાં અનલોક વન બાદ શોપિંગ બજાર અને સરકારી કચેરીઓ ધમધમી રહી છે. ત્યારે સરકારી કચેરીઓ, બેંકો અને વેપારી વર્ગમાં પણ કોરોનાનો કહેર વધી રહ્યો છે. શહેરમાં નવા અને જુના સચિવાલય સહીત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ રોજબરોજ આવતા કર્મચારીઓ અને મુલાકાતીઓની સંખ્યા વિશેષ છે. જયારે આવા સંજોગોમાં કોઈપણ એક સંક્રમિત વ્યકિત અન્ય સાથી કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને પણ કોરોનાનુ સંક્રમણ સરળથાથી લાગી શકે તેવી સંભાવના છે. હાલ શહેરના જુના સચિવાલયમાં સ્થિત માર્ગ મકાન વિભાગની સર્કલ કચેરીમાં પણ કોરોનાનો નવો કેસ આવતા સર્કલ કચેરીના વડાએ પ્લાનીંગ બ્રાન્ચને બંધ કરી દીધી છે. અલબત્ત પી બી બ્રાન્ચની કામગીરી થોડા દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે. કચેરીમાં અન્ય બ્રાન્ચના કર્મચારીઓ આવે છે. પંચાયત મંત્રીના કાર્યાલયમાં એક કલાર્કને પણ કોરોના પોઝીટીવ આવતા અન્ય સ્ટાફના સભ્યોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. માર્ગ મકાન વિભાગમાં પણ ધીમે ધીમે કોરોનાએ પગપેસારો કર્યો છે. ત્યારે માર્ગ મકાન વિભાગની પાટનગર યોજના ભવનની ડિવીઝનલ કચેરીઓ સહીત અન્ય સર્કલ કચેરી તેમજ મંત્રી કાર્યાલય સુધી કોરોના પહોંચી ગયો છે. શહેર અને જિલ્લામાં ધીમે ધીમે કોરોનાનો કહેર વધી રહ્યો છે.

ત્યારે નગરમાં કાર્યરત અનેકવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ સામે પણ કોરોનાનો ખતરો વધુ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં કોરોનાના કહેરથી બચવા કચેરીઓમાં પણ સોસિયલ ડીસ્ટન્સીંગ જળવાય તેમજ કર્મચારીઓ માસ્ક પહેરવાની બાબતમાં જરા પણ બેદરકાર ન રહે તે અનિવાર્ય બન્યુ છે. કોરોનાના કહેર વચ્ચે કર્મચારીઓએ હજુ કાર્યપધ્ધતિ બદલીને વધુ સજાગ થવાની અનિવાર્યતા છે.

## અમદાવાદના જાણીતા સિનિયર ફિઝિશિયન ડૉ. પંકજ શેઠનું કોરોનાથી નિધન

અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે, ત્યારે અમદાવાદમાં વધુ એક કોરોના વોરિયર્સનું નિધન થયું છે. શહેરના જાણી સિનિયર ફિઝિશિયન ડૉ. પંકજ શેઠનું કોરોનાથી નિધન થતાં મેડિકલ જગતમાં દુઃખની લાગણી ફરી વળી છે. ડો. પંકજ શેઠ (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન) આઈએમએ અમદાવાદના પૂર્વ ટ્રેઝરર હતા. ડો. પંકજ શેઠને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને અર્થમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.


## જાહેર ઋણ સ્વીકાર



મારા ધર્મપત્ની **સ્વ. શુભદ્રાબેન નટવરભાઈ વ્યાસ** તા. ૧૮/૭/૨૦૨૦ને શનિવારના રોજ ભગવાનના દિવ્ય ધામમાં પ્રયાણ કર્યું છે.

**પ્રવર્તમાન સમય અનુસાર લૌકિકક્રિયા રાખેલ નથી.**

તેમ છતાં સ્નેહી, સ્વજનોએ રૂબરૂ, પત્ર, ટેલીફોન દ્વારા અમારા દુઃખમાં સહભાગી થવા પ્રયાસ કર્યો છે. તે માટે મારો 'રાયગઢવાળા' પરિવાર સૌનો ઋણ સ્વીકાર કરે છે અને આભાર વ્યક્ત કરે છે.

**લી.**
**નટવરભાઈ કચરાલાલ વ્યાસ**
**રાંધેજાવાળા રાયગઢ પરિવાર**
**પૂર્વ પ્રમુખ, ગાંધીનગર વેપારી મંડળ**

| | |
|---|---|
| મીનાબેન ભરતભાઈ વ્યાસ (પુત્રવધુ) | ભરતભાઈ નટવરભાઈ વ્યાસ (પુત્ર) |
| કોમલ બિપિનભાઈ વ્યાસ (પુત્રવધુ)-ઓસ્ટ્રેલીયા | સ્વ. બિપિનભાઈ નટવરભાઈ વ્યાસ (પુત્ર) |
| યશ ભરતભાઈ વ્યાસ (પૌત્ર) | અભિષેક બિપિનભાઈ વ્યાસ (પૌત્ર) - ઓસ્ટ્રેલીયા |
| નયનાબેન પુષ્કરરાય વ્યાસ, નરોડા-પુત્રી | પુષ્કરરાય મણિલાલ વ્યાસ (જમાઈ) એડવોકેટ |
| રશ્મિકાબેન રાકેશકુમાર વ્યાસ, નરોડા, પુત્રી | રાકેશકુમાર ઠાકોરલાલ વ્યાસ નરોડા, જમાઈ |

**(જયશીલ, ભાર્ગવ, જયમીન - નરોડા (દોહિત્ર))**


## એક દસકા બાદ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ધ્વજવંદન કરશે

**૧૫મી ઓગસ્ટે ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ**

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર ખાતે ૧૫મી ઓગસ્ટે ધ્વજવંદન કરાવશે. રાજ્ય કક્ષાનો સમારોહ એક દસક કરતાં પણ વધુ સમય બાદ ગાંધીનગર ખાતે યોજાશે.

કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિને ધ્યાને રાખી સોશિયલ ડિસ્ટનસીંગ સાથે આ વખતે રાજ્યકક્ષાનો સમારોહ યોજાશે.

જ્યારે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન સમારોહ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે યોજાશે.

જિલ્લાનું તંત્ર હવે એક સાથે બે ધ્વજવંદન સમારોહના આયોજનની તૈયારીમાં કાલથી જોતરાશે. જિલ્લા કક્ષાના સમારોહ માટે હવે સ્થળની પસંદગી કરાશે તેમ જણવા મળેલ છે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે આ ૧૫ ઓગસ્ટની ઉજવણીમાં ક્યા મંત્રી ક્યાં જશે તે અંગેના હુકમો જારી કરી દીધા છે.

ગાંધીનગરમાં એક દસક બાદ રાજ્યકક્ષાનો સમારોહ મુખ્યમંત્રીના હસ્તે યોજાઈ રહ્યો છે તેથી તંત્ર દ્વારા આ અંગે સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ રહી અને તેનું આયોજન કરવામાં આવશે.


## હાર્દિક અભિનંદન



જેમના હૈયે પશુપાલકોનું હિત વસેલુ છે તેવા સાબરડેરીના ચેરમેન શ્રી શામળભાઈ બાલાભાઈ પટેલની ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF)ના ચેરમેન પદે નિયુક્તિ થતાં હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપશ્રી સ્વચ્છ અને પ્રમાણિક વહીવટથી GCMMF વધુને વધુ સિદ્ધિના સોપાન સર કરે તેવી શુભેચ્છા સહ...

**ધી જુમાત્રાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.**

| | |
|---|---|
| **રાવળ વિક્રમભાઈ પુંજાભાઈ** ચેરમેનશ્રી | **રાવળ રમેશભાઈ ડાહ્યાભાઈ** વાઈસ ચેરમેનશ્રી |

**વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રી**

| | |
|---|---|
| કોટવાળ અમૃતભાઈ નાનાભાઈ | રાવળ ગંગાબેન કાન્તિભાઈ |
| કોટવાળ વિનુભાઈ અભાભાઈ | રાવળ આશાબેન વિઠ્ઠલભાઈ |
| રાવળ સાંકળભાઈ જેણાભાઈ | ખાંટ ભુરાભાઈ બિલાભાઈ |
| ખાંટ વાઘાભાઈ ભનાભાઈ | ખાંટ બાલાભાઈ શંકરભાઈ |
| રાવળ જશુભાઈ ડાહ્યાભાઈ | કોટવાળ રમણભાઈ હીરાભાઈ |
| તરાર નાનાભાઈ માધાભાઈ | રાવળ જગદીશ ફુલાભાઈ |
| ઝાલા સોનીબેન કાન્તિભાઈ | |

**કર્મચારી ગણ**

પટેલ કમલેશભાઈ કોદરભાઈ - સેક્રેટરી
ખાંટ કેશાભાઈ મણાભાઈ - મદદનીશ
ખાંટ જગદીશભાઈ કાળાભાઈ - ટેસ્ટર

**તાલુકો - બાયડ, જિલ્લો - અરવલ્લી**


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com